# આદિલ મન્સૂરીનું ગઝલવિશ્વ

ડૉ. શિવરામ શ્રીમાળી
મહિલા કોલેજ ઊંઝા.

ગઝલના સ્વરૂપમાં જેમનું આગવું અને અનોખું સ્થાન છે. એવા 'આદિલ મન્સૂરી'નું છઠ્ઠી નવેમ્બર ૨૦૦૮ ના રોજ ન્યૂજર્સીના હેકનસેક મેડિકલ સેન્ટરમાં હૃદયરોગના હુમલાથી એમનું અવસાન થયું તે સાથે ગઝલકારના નામની આગળ સદગત લખાઈ ગયું.

આદિલનું પુરું નામ ફરીદ મહંમદ ગુલાબનબી મન્સૂરી છે.૧૮- મે ૧૯૩૬માં એમનો જન્મ અમદાવાદમાં થયો હતો. કિશોરાવસ્થા પછી ૧૯૪૮માં કરાંચી ગયેલા. સંજોગોવશાત ૧૯૫૫માં પાછું અમદાવાદ આવવાનું થયું 'આદિલ' સાહેબે મા સાત ધોરણ સુધીનું જ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. તેઓ વજમાતરીના સંપર્કે આદિલ મન્સૂરી ગઝલ લખતા થયા ગઝલ એવી એમને આત્મસાત થઈ કે જેના કારણે ફરીદ શાયર બની ગયા.

ગુજરાતી સાહિત્યમા ૧૯૬૦ના સમયમાં જે પરિવર્તન આવ્યું તેમાં આધુનિકતાનો પ્રભાવ હતો.તેન કારણે ગઝલકારો પણ પ્રયોગશીલતા તરફ વળ્યા રૂઢપ્રતીકો, કલ્પનો, અનુભૂતિ બધું બદલાયું ગઝલકાર ભાષાકર્મ પરત્વે સભાન બન્યો. તેના સુફળરૂપે આદિલસાહેબ પાસેથી ઈ.સ.૧૯૬૩માં તેમનો પ્રથમ ગઝલ સંગ્રહ 'વળાંક' પ્રકાશિત થયો હતો. એ પછી તેમના 'પગરવ' (૧૯૬૬), 'સતત' (૧૯૭૦), 'ન્યૂયોર્ક નામે ગામ' જેવા ગઝલ સંગ્રહો પ્રકાશિત થયા છે. ઈ.સ. ૧૯૯૬માં પ્રસિદ્ધ થયેલો તેમનો સમગ્ર કવિતાનો સંચય'મળે ન મળે' તેમનો પ્રતિનિધિ સંગ્રહ છે.

તેમના બધા સંગ્રહોની ગઝલોનો સરવાળો કરીએ તો આશરે ૨૫૦ જેટલો થાય છે.આ ગઝલકાર વાસ્તવની ધરતી પર ચાલતા કવિ છે.તેમનું જીવન અને કવન સમાન્તરે ચાલતું હતું.તેઓ જેવું જીવ્યા તેવું જ તેમણે લખ્યું. જે સમાજમાંથી તેમણે જે કાંઈ લીધું તે તેમણે ગઝલ સ્વરૂપે બમણું કરી પરત કર્યું છે.છેલ્લા શ્વાસ સુધી ગઝલની સાધનામાં તલ્લીન રહ્યા છે.

ગઝલ એ હાથતાળી આપીને સરી જતો કાવ્યપ્રકાર છે. આદિલ જેવા કોઈ ગઝલકાર જ ગઝલ સાથે હાથમાં હાથ મેળવી શકે. આદિલ પાસે ગઝલ સરી જતી નથી. પણ ગઝલ સામે ચાલીને રોકાઈ જાય છે.

આદિલની ગઝલોમાં વેદના અને સંવેદનાનો તાણો-વાણો ગઝલના રેશમી પોત પર કલ્પનનું બારીક નકશીકામ છે. પરંપરાને એ ગાંઠતા નથી. પણ પરંપરામાં કશક ગોઠે એવું હોય તો તેને સ્વીકારતા અચકાતા નથી. આધુનિકતા એટલે પરંપરાનો ધારદાર વળાંક,પરંપરાનો મોહ એ સમકાલીનતા છે.આદિલની કવિતા એ તત્કાલીનતા અને સમકાલીનતાથી ઊફરી ચાલે છે.અર્વાચીનતા કોઈ નખરારૂપે નહિ પણ ઊંડી અનુભૂતિમાંથી પ્રગટે છે.એટલે તો એમનાં કલ્પન અને પ્રતીકમાં તાજગી અને અર્થપૂર્ણતા છે.

ડૉ.ચિનુ મોદી 'મળે ન મળે'ની પ્રસ્તાવનામાં નોંધે છે.કે 'આદિલસાહેબના વ્યક્તિત્વમાં એક એવું આર્કષણ છે.કે જે તમને એના વ્યસની બનાવે.એનું તાદાત્મય અને ક્ષણાર્ધ પછીનું લાંબા સમયનું તાટસ્થ્ય બંને મુગ્ધ કરે એ કોઈને પણ પાણી-પાણી કરી શકે અને ક્ષણાર્ધમાં એનાથી એવા તો વિમુખ બને કે આદિલસાહેબના વ્યક્તિત્વને ન ઓળખનારા અકળામણ અનુભવે, એ જેટલા બાહ્યાભિમુખ લાગે છે. એટલા જ આંતરાભિમુખ પણ છે.' ૧

ગઝલ આદિલનો આદિમ પ્રેમ રહયો છે. એમણે આજીવન ગઝલની ઉપાસના કરી છે. એમની ગઝલોમાં વતન પ્રત્યનો અપાર ભાવ,વતનની આરત, ને ઝુરાપો પડઘાય છે.

**‘ નદીની રેતીમાં રમતું નગર મળે ન મળે**
**ફરી આ દ્રશ્ય સ્મુતિપટ ઉપર મળે ન મળે’ સતત, ૧**

ગઝલમાં વતન અમદાવાદનો ભાવ તીવ્ર તલસાટરૂપે વ્યક્ત થયો છે.

**‘જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે**
**ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે’ પગરવ ૧**

જેવાં મુખર સ્ટેટમેન્ટથી પ્રારંભ કરનાર આ ગઝલકાર ક્રમશઃ વધુ ને વધુ એબસ્ટેક્ટ્ર બનતો જાય છે.

પ્રિયતમા સાથેની ગુફ્તેગૂ એટલે ખાનગી વાતનું આલેખન પણ તેમણે સહજભાવે કર્યું છે.મહોબ્બતની વાત રજૂ કરતો શે’ર કહે છે.તે જુઓ:

**‘ખોવાયેલા રહો છો શું એના ખયાલમાં,**
**કે પાંગરે છે. પ્રેમ હવે તો ટપાલમાં.’ સતત,૪૦**

પ્રેમનો એકરાર અહીં કરાયો છે. દિલની દોલતના ઘા રહી ગયા છે. તેનો વસવસો પણ રજૂ કરાયો છે. શાયરની દ્વિધા અહીં કેવી રીતે વ્યક્ત થઈ છે. તે જોઈ શકાય છે.

**‘દિલમાં કોઈની યાદના પગલા રહી ગયાં,**
**ઝાકળ ઊડી ગયું અને ડાઘા રહી ગયાં.’ પગરવ, ૩૧**

દુનિયાના રસ્મોરિવાજ, નિયમો, આચારસંહિતા, બંધનો શાયરને પસંદ નથી,મંજૂર નથી તેના તરફની નારાજગી વ્યક્ત થઈ છે. પણ બીજી તરફ કોઈ હૃદયમાં વસી જવાની અભિલાષા પણ વ્યક્ત થયેલી જોઈ શકાય છે. શાયરની અભિલાષામાં શાયરનો રાજીપો પણ વ્યક્ત થયો છે.

એક શબ્દી રદીફ પરની મુસલસલ ગઝલોમાં ગઝલકાર તરીકેની તેમની સર્ગશક્તિનાં ભાવકોને દર્શન થાય છે. ‘પવન,’ ‘ચાંદની,’ ‘તારલા,’ ‘વરસાદ,’ ‘મૌન,’ ‘જિંદગી,’ ‘વિચાર,’ ‘વસંત.’ ‘અંધકાર,’ ‘સમય,’ ‘દરિયો,’ ‘શબ્દ,’ ‘આંખો,’ વગેરે રદીફ પરની ગઝલો તેમની પાસેથી મળે છે. ‘શબ્દ,’ રદીફ પરની ગઝલનો એક શે’ર જુઓ:

**‘ શબ્દની બ્હાર સાંભળું કોને,**
**સાંભળું તો પછી કહું કોને.’ ન્યૂયોર્ક નામે ગામ, ૫૨**

ડૉ.રશીદમીર ‘ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંશા’ માં નોંધે છે. કે “આમ આદિલની નૂતન ભાષાશૈલી,પ્રતીકયોજના,બિંબવિધાન વગેરેએ એમને આધુનિક ગઝલના અગ્રણી બનાવ્યા એટલું જ નહીં તેઓ સ્વાતંત્યોત્તર આધુનિક ગઝલના પ્રર્વતક પણ માની શકાય.એમની ભાષા, નૂતનશિલ્પ તેમજ નવીનક્રિયાશિલ્પના વૈશિષ્ટયથી પરિપૂર્ણ છે. તેમના સૂક્ષ્મ અને કોમળ બિંબ નવીન અભિવ્યંજના કૌશલના દ્યોતક છે.તેમના ચિ મય ઉપમાન નૂતન કાવ્યચેતના પોષક છે. ગઝલમાં ઉપચારવક્રતાના

પ્રયોગ દ્વારા ચમત્કારની સાથે સાથે ચારૂતા,રમણીયતા અને સરસતા લાવવાનો એમનો પ્રયાસ પ્રશંસનીય છે. નાદ-સૌંદર્ય પદાવલિનો ઉપયોગ પણ ગઝલને અનેરું લાવણ્ય આપે છે.” ૨

આદિલની ગઝલોમાં ગુજરાતીનો વળાંક છે. એજ રીતે એમના પ્રથમ ગઝલસંગ્રહનું નામ પણ **‘વળાંક’** છે.ત્યારબાદ **‘પગરવ’** અને **‘સતત’** એજ ગતિનો વિકાસ છે. એ અમદાવાદ છોડી અમેરિકા સ્થિત થયા ત્યારે પણ એમનું ગઝલસર્જન અટક્યું નહોતું **‘ન્યૂર્યોક નામે ગામ’** એ સંગ્રહમાં ત્યાં રચાયેલી ગઝલો સમાવેશ પામી છે. **‘મળે ન મળે’** એમની સમગ્ર કવિતાનો સંચય છે. જુલાઈ ૨૦૦૮ માં એમને ‘વલી ગુજરાતી ગઝલ એવોર્ડ એનાયત થયો તે એમની ગઝલ યા ।નું સુયોગ્ય સન્માન હતું

આદિલ મન્સૂરીએ ગઝલના સર્જનમાં તેમણે સાતત્ય જાળવી રાખ્યું હતું. ‘આદિલ’ નું ગઝલ સાહિત્ય મોંઘી મિરાત છે. તેમના ગઝલ પ્રેમને લાખો સલામ ફરી આવો ‘આદિલ’ મળે ન મળે.

સંદર્ભસૂચિ

૧. આદિલ મન્સૂરીઃ - ‘મળે ન મળે’ પ્રકાશન-રન્નાદે બીજી આવૃતિ પૃ.૧૦

૨. ડૉ.રશીદ મીરઃ - ‘ગુજરાતી ગઝલનીસૌંદર્ય મીમાંશા’ પ્રકાશન-રન્નાદે બીજી આવૃતિ પૃ.૧૭૯